**Publication**: Sandesh
**Date:** 26.02.2017
**Page no:** 04
**Language:** Gujarati

## આ માટે ક્રિપ્ટોકરન્સી ઈન્ડસ્ટ્રી એકસાથે આવી

# ડિજિટલ એસેટ એન્ડ બ્લોકચેન ફાઉન્ડેશન ઈન્ડિયાનું નિર્માણ

મુંબઈ, તા.૨૫

બિટકોઈન, ઝેબ-પે, ઉનોકોઈન, કોઈઈસિક્યોર અને સર્ચટ્રેડે એકસાથે આવીને ડિજિટલ એસેટ એન્ડ બ્લોકચેઈન ફાઉન્ડેશન ઓફ ઈન્ડિયા(DABFI) લોન્ચ કર્યું હતું જેથી વર્ચ્યુએલ કરન્સી માર્કેટમાં યોગ્ય રીતે તેમજ પારદર્શક રીતે વૃદ્ધિ થઈ શકે.આ ઈન્ડસ્ટ્રી માટે સેલ્ફ રેગ્યુલેશન્સ તૈયાર કરવા માટે ઈન્ટરનેશનલ લા ફર્મ નિશીથ દેસાઈ એસોસિએટ્સની નિમણૂક કરવામાં આવી છે.

આ કમિટીની અધ્યક્ષતા સૌરભ અગ્રવાલને સોંપવામાં આવી છે જે ઝેબપેના CEO છે અને આ કમિટીમાં સંદિપ ગોએન્કા(ઝેબપે), મોહિત કાલરા(કોઈનસિક્યોર), સાથ્વિક વિશ્વનાથ(ઉનોકોઈન), હરીશ બી.વી.(ઉનોકોઈન) અને વિશાલ ગુપ્તા(સર્ચટ્રેડ) તેમ જ રશ્મીત ગુપ્તા(સર્ચટ્રેડ)નો પણ સમાવેશ થાય છે.બિટકોઈન ઉપરાંત બ્લોકચેન આધારિત ડિજિટલ એસેટ માટે DABFI સ્વનિયમનકારી વ્યવસ્થા ઊભી કરશે. તે ઉપરાંત સભ્ય કંપનીઓ માટે KYC, AML, STRS નિયમો પણ બનાવવામાં આવશે. આ ઉપરાંત CCના જોખમ અને ફાયદા વિશે વિશ્વસનીયતા અને જાગૃતિ ઊભી કરવામાં આવશે. એ ઉપરાંત ટેક્સેશન અંગે પણ સ્પષ્ટતા કરવામાં આવશે.